બિલવણીયા કંપામાં હનુમાનજી મંદિરનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો

ગાંભોઈ, તા.૧૩ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બિલવણીયા કંપા ગામે હનુમાનજીના નવીન મંદિરનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યુવા અગ્રણી હિતેશભાઈ અરવિંદભાઈ પટેલ અને ઘનશ્યામભાઈ નરસિંહભાઈ ધોળુના મુખ્ય યજમાન પદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે હોમ-હવન યજ્ઞ, શોભાયાત્રા, રાસ-ગરબા, માતૃવંદના સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક શ્રદ્ધાઓની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હનુમાનજીની મૂર્તિનું પ્રતિષ્ઠાન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં મહારાજ રાધેશ્યામજી (કાશીપુરાકંપા) ઉપસ્થિત રહી આર્શીવચન આપ્યા હતા.

પાલનપુર ની બનાસ ડેરીમાં પ્રથમ ટર્મના ચેરમેન, વાઈસ ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ

નવા ચેરમેન,વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવાની તજવીજ હાથ ધરાઈ : ડેરીના સુકાન પદને લઈ સહકારી ક્ષેત્રે રાજકીય ગરમાવો છવાયો



પાલનપુર તા. ૧૩ દૂધ સંપાદનમાં સમગ્ર એશિયામાં મોખરાનું સ્થાન ધરવતી બનાસ ડેરીમાં નીયામક મંડળના પ્રથમ ટર્મના ચેરમેન અને વાઈસ ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં આગામી અઢી વર્ષ માટે ડેરીના નવા ચેરમેન વાઈસ ચેરમેનની વરણી કરવાની તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે જેને લઈને ડેરી નું સુકાન પદ ને લઇ સહકારી ક્ષેત્રે રાજકીય ધમાસણ શરૂ થવા પામી છે જોકે હવે સહકારી ક્ષેત્રે પણ ચૂંટણીમાં રાજકીય મેન્ડેડ ની ફાળવણી કરવામાં આવતી હોય આ ચૂંટણીમાં ચેરમેન અને વાઈસ ચેરમેન બનવા માટે સહકારી આગેવાનો ભાજપના મેન્ડેડ મેળવવા લોબિંગ શરૂ કર્યું હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

વર્ષે કરોડો લિટર દૂધ સંપાદન કરી સમગ્ર એશિયામાં મોખરાનું સ્થાન ધરાવતી અને બનાસકાંઠા જીલ્લા માટે મીઠી વીરડી સમાન બનાસ ડેરી ના વર્તમાન નિયામક મંડળ માં પ્રથમ ટર્મના ચેરમેન તરીકે વર્તમાન વિધાનસભા ના અધ્યક્ષ શંકરભાઈ લગીધરભાઈ ચોધરી અને વાઈસ ચેરમેન પદે ભાવાભાઈ વજાજી રબારીએ તા.૭-૧૦-૨૦૨૦ માં રોજ ચાર્જ સંભાળ્યો હતો જોકે ગત.તા.૩-૦૫-૨૦૨૩ ના રોજ પ્રથમ ટર્મ ના ચેરમેન અને વાઈસ ચેરમેન ની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં આગામી અઢી વર્ષ માટે ડેરીના નવા ચેરમેન અને વાઈસ ચેરમેન પદની નિયુક્તિ ચૂંટણી અધિકારી તરીકે પાલનપુર પ્રાંત અધિકારી ની નિયુક્તિ કરવામાં આવી હોય આવનારા નજીકના સમય ના ડેરીના નવા સુકાની ની વરણી ને લઇ સહકારી આગેવાનો માં પાર્ટીના મેન્ડેડ મેળવવા રાજકીય લોબિંગ શરૂ કર્યું હોવાનું સહકારી ક્ષેત્રે ચર્ચાસ્પદ બન્યું છે. જોકે ભાજપ દ્વારા એક આગેવાન ને એક જ હોદ્દો આપવા બબ્બ તેમજ વધુ હોદ્દા ધરાવતા આગેવાનો પાસે થી અન્ય હોદ્દા ઓ પર થી રાજીનામા લેવામાં આવતા હોય બનાસ ડેરીમાં ભાજપ દ્વારા એક હોદ્દા વાળી નીતિ અપનાવવામાં આવે તો ચેરમેન પદે થી વર્તમાન ચેરમેન શંકરભાઈ ને રાજીનામું આપવું પડી શકે છે અને જો રાજકીય દબાવ લાવવામા આવે તો ચેરમેન ની બિન હરીફ વરણી પણ થઈ શકે છે ત્યાર જોવું રહ્યું કે બનાસ ડેરીના સુકાનમાં સત્તા ની પરિવર્તન થાય છે કે પુનરાવર્તન !!

બનાસ ડેરીમાં ચેરમેન પદ મેળવવા રાજકીય વગો શરૂ કરાઇ

બનાસ ડેરીની ચૂંટણીમાં ભાજપ દ્વારા એક આગેવાનને એક જ પદ ની નીતિ અપનાવા માં આવે તો વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી ને બનાસ ડેરીના ચેરમેન પદે થી રાજીનામું આપવું પડે તેવી સ્થિતિમાં નવા ચેરમેન માટે ચૂંટણી યોજવા ન થાય તો ભાજપના મેન્ડેડ પર ચેરમેન, વાઈસ ચેરમેન બનવા માટે સાંસદ પરબતભાઈ પટેલ અને સહકારી અગ્રણી અણદાભાઈ પટેલના ગ્રુપ દ્વારા મેન્ડેડ મેળવવા રાજકીય લોબિંગ શરુ કર્યું હોવાનું સહકારી ક્ષેત્રે ચર્ચાસ્પદ બન્યું છે.

પાલનપુરના માન સરોવરને રૂ.૫.૪૦ કરોડના ખર્ચે ડેવલોપ કરાશે

માન સરોવરમાં જતું ગટરના પાણીનો નિકાલ કરી ધરોઈ પાણી ભરવાનું આયોજન કરાયું : શહેરના દૂષિત પાણીનો નવી ગટર લાઈન મારફતે નિકાલ કરવામાં આવશે

પાલનપુર તા.૧૩

પાલનપુરની આગવી ઓળખ સમાન માન સરોવરને પર્યટન સ્થળ તરીકે વિકાસ કરવા નગર પાલીકા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે જેમાં હાલ માન સરોવર માં જતા ગટર ના પાણીનો નવી પાઈપ લાઈન માટે

આકેસણ નિકાલ કરવામાં આવશે અને માન સરોવરમાં હાલ ભરાયેલા દૂષિત પાણીનો નિકાલ કરી તેમાં ધરોઈનું શુદ્ધ પાણી ભરવામાં આવશે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં જોવા લાયક સ્થળોની યાદીમાં સમાવિષ્ટ માન સરોવરના ડેવલોપ માટે અગાઉ લાખો કરોડો રૂપિયા નો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ માન સરોવરમાં શહેરની ગટર નું પાણી નાખવામાં આવતું હોય આ તળાવ બદબૂદાર સરોવર બની જવા પામ્યું છે જોકે પાલીકા દ્વારા માન સરોવર ને ખરા અર્થમાં જોવા લાયક સ્થળ બનાવવા માટે રૂ.૫.૪૦ કરોડ ના માતબર ખર્ચે માન સરોવરમાં જતા ગટરના પાણીને નવી ગટર લાઈન માટે આકેસણ ની સાઈડ ખાતે નિકાલ કરવામાં આવશે તેમજ માન સરોવર માં ભરાયેલા ગંદા પાણી નો નિકાલ કરી તેમાં ધરોઈ જૂથ યોજનાનું પાણી ભરી બોટિંગ સહિત નું સુવિધા વિકસાવવા માં આવશે . જોકે માન સરોવર માં ગટર નું પાણી બંધ થવાની અને ધરોઈ નું સુધ્ધ પાણી ભરવાથી આ વિસ્તારમાં ગંદકીની સમસ્યા નો કાયમી ઉકેલ આવશે જેને લઈ સ્થાનિક લોકોમાં આનંદ ની લાગણી છવાઈ જવા પામી છે.

નવીશિણોલ ગામનું ગૌરવ

બાયડ, તા.૧૩ ધનસુરા તાલુકાના નવીશિણોલ ગામના નરેશભાઈ પટેલની પુત્રી કુ.આર્યા પટેલે સી.બી.એસ.સી. દ્વારા લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષામાં ૯૪.૪૦ ટકા ગુણ મેળવી ઉત્તિર્ણ થઈ સમાજ અને ગામનું ગૌરવ વધાર્યું છે. નવીશિણોલ દૂધ મંડળીના ચેરમેન ચિરાગ એચ. પટેલ સહિત ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

તલોદ તાલુકાનાપુંસરી ગામ માં દતક લીધેલા કુટુંબ લગ્ન કરાવ્યા. દિનેશભાઈ રાવળ કુશળ ડ્રાઇવર પણ કાળની થપાટ લાગતા ૧૩ વર્ષ પહેલા અકસ્માતતે નિધન થયું યુવાની માં દક્ષાબહેન વિધવા થયા કોમલ અને હેતલ એમ બે દીકરીઓએ પિતાની છત્ર છાયા ગુમાવી ખેત મજૂરીથી જીવન જીવતા પરિવાર માથે આભ તૂટી પડ્યું તત્ત સમયે પુંસરીના સરપંચ તરીકે કામ કરતા હિમાંશુભાઈ પટેલે સ્વ દિનેશભાઈ પરિવારને દત્તક લીધુ અને દક્ષાબેન રાવળને મકાન બનાવી આપી વિધવા સહાય, તેમજ બીપીએલ કાર્ડ, અનાજ સાહિતની વ્યવસ્થા તો કરી જ સાથે સાથે કાજલ અને હેતલ ને અભ્યાસની વ્યવસ્થા કરી આપી. કાજલએ નર્સીંગ કર્યું જ્યારે હેતલ કોલેજ પૂર્ણ કરી ઉંમરલાયક દીકરીઓ થતા તેમના લગ્ન આજે ધામધૂમથી લેવાય છે તમામ સગવડો અને જમણવારની વ્યવસ્થા નટુભાઈ ચૌધરી પરિવાર અને હિમાંશુભાઈ એ ભાઈ તરીકેની વ્યવસ્થા રંગી ચંગે કરી અને લગ્ન કરાવ્યા દીકરીઓ ને બાપની અને ભાઈની ખોટ ન પડે તેટલા જાહો જાલ્લી થી લગ્ન વ્યવસ્થા કરી સમગ્ર રાવળ સમાજ જે આનદ ની લાગણી વ્યક્ત કરી હતી.

પિતા પછી પુત્ર ચેરમેન બન્યા હોય તેવી પ્રથમ ઘટના

બાયડ માર્કેટયાર્ડના ચેરમેન તરીકે અનંત પટેલની બિનહરીફ વરણી

ભાજપે યુવા ચહેરાને મેન્ડેટ આપ્યું, કેટલાક કોંગ્રેસના આગેવાનો હવે ભાજપમાં જોડાશે

બાયડ, તા.૧૩ બાયડ માર્કેટયાર્ડના ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી શુક્રવાર સવારે બાયડ માર્કેટયાર્ડના સભાખંડમાં ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં યોજાઈ જેમાં અપેક્ષા મુજબ અનંત બાબુભાઈ પટેલની ચેરમેન અને વાઈસ ચેરમેન કિરણસિંહ પ્રતાપસિંહ ઝાલાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ભાજપે પાટીદાર સમાજના યુવા ચહેરાને મેન્ડેટ આપ્યું છે અને એ સાથે બાયડ માર્કેટયાર્ડમાં પિતા પછી તૂરંત પુત્ર ચેરમેન બન્યા હોય તેવી સહકારી માળખાની પ્રથમ ઘટના તાલુકામાં નોંધાઈ છે. આવનારા દિવસોમાં કેટલાક કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાશે તેવો સળવળાટ શરુ થયો છે. મળતી જાણકારી મુજબ બાયડ માર્કેટયાર્ડની ગત મહિને યોજાયેલી ચૂંટણીમાં તમામ વિભાગમાં ભાજપ પ્રેરીત પેનલના ઉમેદવારો વિજયી બન્યા હતા. જ્યારે ચેરમેન અને વાઈસ ચેરમેન પદના જંગ માટે લાંબા સમયથી ખેંચતાણ ચાલતી હતી પરંતુ સહકારી વિભાગમાંથી ચૂંટાયેલા અનંત પટેલને ભાજપ ચેરમેન પદનું મેન્ડેટ આપશે તેવી ચાલતી ચર્ચાઓ સાચી ઠરી છે. તા.૧૨ મે.ના રોજ ચૂંટણી અધિકારી એસ.એમ.પટેલની અધ્યક્ષતામાં ચેરમેન-વાઈસ ચેરમેન પદ માટે ચૂંટણી યોજાઈ જેમાં અનંત બાબુભાઈ પટેલનું ચેરમેન અને કિરણસિંહ પી. ઝાલાનું વાઈસ ચેરમેન માટે એક માત્ર ઉમેદવારીપત્ર રજૂ થતાં બંન્નેને ચૂંટણી અધિકારી દ્વારા બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા છે. વર્ષોથી બાયડ તાલુકો ભાજપનો ગઢ ગણાય છે અને ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપમાં વકરેલા જૂથવાદથી ભાજપે બેઠક ગુમાવી હતી. જેથી આ વખતે ભાજપે નવો દાવ ખેલી સાબરડેરી, જિલ્લા મધ્યસ્થ બેંક અને બાયડ તાલુકાના સહકારી માળખામાં કોને મૂકવા તેનો ચક્રવ્યૂહ રચ્યો હતો. જેને લઈને કેટલાક કોંગ્રેસના આગેવાનો ટૂંકમાં જ ભાજપમાં ભળશે તેવી ચર્ચા જામી છે. ચેરમેન તરીકે ચૂંટાયેલા અનંત પટેલની નિમણૂંકને તાલુકાના સહકારી આગેવાનો, વેપારીઓ અને ખેડૂતોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

પિતા પછી પુત્ર પણ ચેરમેન બન્યા

બાયડ માર્કેટયાર્ડમાં ગત ટર્મમાં બાબુભાઈ મથુરભાઈ પટેલ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા પછી તેમની મુદત પૂરી થયા પછી ગત તા.૧૨ એપ્રિલના રોજ ૧૬ બેઠકો માટે ચૂંટણી યોજાઈ જેમાં ભાજપ પ્રેરીત પેનલ ચૂંટાઈ હતી. શુક્રવારે ચેરમેન, વાઈસ ચેરમેન માટેની ચૂંટણી યોજાતાં બાબુભાઈ પટેલના પુત્ર અનંત પટેલની ચેરમેન તરીકે તાજપોષી થતાં પિતા પછી પુત્ર ચેરમેન બન્યાની પ્રથમ ઘટના તાલુકામાં જોવા મળી છે.

પાલનપુરમાં બે દિવસીય ફૂડ ફેસ્ટિવલનું સમાપન કરાયું

પાલનપુર તા.૧૩ પાલનપુરમાં ભારત-ભારતી સંસ્થા દ્વારા બે દિવસનું ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રાંતના સાસંસ્કૃતિ કાર્યક્રમની મોજ સાથે વિવિધ પ્રાંતના ફૂડની મેજબાની માળવા બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિતિ રહ્યા હતા. અને આગેવાનો ની ઉપસ્થિતિમાં બે દિવસીય ફૂડ ફેસ્ટિવલ નું સમાપન કરાયું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભારત-ભારતી એક ભારત શ્રેષ્ઠ ભારત ની સંકલ્પના સાથે પાલનપુરની સિલ્વરબેલ્સ કૂલના પ્રાંગણમાં બે દિવસ માટે ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપપ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી જેમાં બે હજારથી વધુ લોકોએ ભારત માતાની આરતીમાં વિશેષ ભાગ લીધેલ. જ્યારે બીજા દિવસે પણ સ.દા.કૃષિ.નગરના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ તેમજ ભારત માતાની આરતીમાં પાલનપુર નગરમાં વસવાટ કરતા પરપ્રાંતીય લોકો સહિત સ્થાનિકો બહોળી સંખ્યામાં જોડાયા હતાકાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પાલનપુર ધારાસભ્ય અનિકેત ઠાકર, જોઈન્ટ કમીશનર-ઈકટેક્ષ અરવિંદકુમાર ગહલોત, ૧૨૩ બીએસએફ કમાન્ડન્ટ ગુરવિન્દરસિંહ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે શ્રી બ્રહ્માણી માતાજીનો છઠ્ઠો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૧૩ સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી બ્રહ્માણી માતાજી મંદિર ખાતે છઠ્ઠો પાટોત્સવ યોજાયો હતો જેમાં હવન પુજા સહિત ના ધાર્મિક કાર્યકમો યોજાયા હતાં.

પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ સુ પ્રસિદ્ધ પૌરાણિક શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે એક દિવસીય ભવ્યાતિભવ્ય છઠ્ઠો પાટોત્સવ યોજાયો હતો જેમાં મંદિર ના વિશાળ ચોકમાં યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હવન ના મનીષ ભાઈ જયંતિભાઈ પટેલ પરિવાર દ્વારા ધર્મ લાભ લીધો હતો પ્રાંતિજ ખાતે રહેતાં પટેલ સમાજનાં ભાઈ-બહેનો સહિત તાલુકામાંથી પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી બ્રહ્માણી માતાજી માઈ મંડળ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ઉપસ્થિત રહીને દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

Extra Pav માટે ખેલાયો ખૂની ખેલ : મોડાસા શહેરમાં પાઉંભાજીના સંચાલક પાસે ગ્રાહકે એક્સ્ટ્રા પાવ માંગતા ચપ્પાના ઘા ઝીંકતા નાસભાગ

પાવભાજીના સંચાલકે ગ્રાહકને ચપ્પુના ઘા ઝીંકાતા ગ્રાહકે પાવભાજીની લારી ઉખાડી નાખતા ભારે અફડાતફડી મચી હતી : મોડાસાના માર્ગો પર ઠેર ઠેર રાત્રીના સુમારે ઉભા રહેતા ખાણીપીણી અને નાસ્તાની લારીઓ અને રેકડીના માલિકો અને તેમના ત્યાં કામકાજ કરતા કારીગરો અંગે નગરપાલિકા અને પોલીસ સ્ટેશનમાં નોંધણી છે ખરી

મોડાસા,તા. ૧૩ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ પર રાત્રીના સુમારે ખાણીપીણી બજાર જેવો માહોલ સર્જાય છે મેઘરજ રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટી સામે ઉભા રહેતા પાવભાજીની લારીના માલિક અને ગ્રાહક વચ્ચે એક્સ્ટ્રા પાવ અંગે તકરાર થતા ગ્રાહકે ગાળ બોલતા સંચાલકે લારીમાં રહેલું ચપ્પુ ઝીંકી દેતા ઈજાગ્રસ્ત ગ્રાહક અને તેની સાથે રહેલા યુવકે લારી ઉથલાવી મારતા ભારે નાસભાગ મચી હતી સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ હતી ચપ્પાના ઘા થી ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો છુરેબાજીની ઘટના છતાં પોલીસ સમયસર સ્થળ પર ન પહોંચી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું. મોડાસા શહેરના મેઘરજ રોડ પર રાત્રીના સુમારે ઠેર ઠેર ખાણીપીણીના સ્ટોલ અને લારી-રેંકડી વાળા ઉભા રહેતા હોવાથી રાત્રીના સુમારે મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડતા ભારેભીડ જામે છે મેઘરજ રોડ પર આદર્શ સોસાયટી બહાર ઉભા રહેતા પાવભાજીની લારી પર પાવભાજી લેવા ગયેલા ગ્રાહકે પાવભાજીનું પાર્સલ પેક કરાવ્યા પછી પૈસા થી વધુ એક્સ્ટ્રા પાવ માંગતા લારી સંચાલકે ના પાડતા ગ્રાહકે ગુસ્સામાં ગાળ બોલતા લારી સંચાલકે પિત્તો ગુમાવતા તેની પાસે રહેલા ચપ્પુના ઘા ઝીંકાતા યુવક લોહીલુહાણ થતા યુવક અને તેના મિત્રએ પાવભાજીની લારી ઉથલાવી દેતા સમગ્ર વિસ્તારમાં દેકારો મચી ગયો હતો અને ગ્રાહકો માં નાસભાગ મચી હતી લારી સંચાલક વચ્ચે ખેલાયેલા ખૂની ખેલના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ઈજાગ્રસ્ત યુવકના અન્ય મિત્રો સ્થળ પર પહોંચતા લારીનો સંચાલક અને કારીગરો નાસી છૂટ્યા હતા હુમલાનો ભોગ બનેલ યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યો હતો. પાવભાજીની લારીના સંચાલક અને ગ્રાહક વચ્ચે ખૂની ખેલ ખેલાતા જાણે યુપી, બિહાર જેવા દ્રશ્યો સર્જાતા લોકો પણ ચોકી ઉઠ્યા હતા મોડાસા શહેરમાં ખેલાયેલા ખૂની ખેલમાં પોલીસતંત્રની કામગીરી સામે પણ અનેક સવાલ પેદા થયા છે પોલીસતંત્ર ઝડપથી ઘટનાસ્થળ પર નહીં પહોંચતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો